- તમો મહોત્સવમાં પધારો ત્યારે આભૂષણ આદિક જોખમી વસ્તુ-પદાર્થ સાથે ન લાવવી **હિતાવહ** છે. અને જો હોય તો તમારી જવાબદારીપૂર્વક અને સાવધાનીથી સાચવી મહોત્સવનો આનંદ માણો. તેમજ તમારો સામાન અન્ય વ્યક્તિને સોંપશો નહીં કે કોઈ અજાણી વ્યક્તિનો સામાન કે વસ્તુને સંભાળશો નહીં.
- તમારા બાળકો તમારી સાથે જ રહે એ ખાસ ધ્યાન રાખવું. તેમના ખિસ્સામાં ઓળખાણની **જરૂરી વિગતો** લખેલી **ચિઠ્ઠી** અચૂક રાખવી. જો વિખુટા પડી જાય તો તરત **પૂછપરછ કાર્યાલય**નો **સંપર્ક** કરવો.
- મહોત્સવના સ્વયંસેવકો તમને જે પ્રમાણે **દોરવણી** કરે તે પ્રમાણે જ ચાલવાનો **આગ્રહ** રાખશો તો આપનો **સહયોગ** ગણાશે.
- શિયાળાની ઋતુ હોવાથી વાતાવરણને ધ્યાનમાં રાખી સામાન્ય ગરમ વસ્ત્રો તેમજ ઓઢવા માટે પૂરતા સાધનો સાથે રાખવા.
- મહોત્સવમાં બસ, ટેક્સી અથવા પોતાનું ખાનગી વાહન લઈને પધારનારા હરિભક્તો માટે **પાર્કિંગ વ્યવસ્થા** મહોત્સવ સ્થળે રાખવામાં આવી છે. પરંતુ ટ્રાફિક ન થાય તે માટે સ્વયંસેવકો જે પ્રમાણે **સૂચના** કરે તે પ્રમાણે જ અનુસરવાનો **આગ્રહ** રાખવો. તેમજ તમારા વાહનો પાર્કિંગ સમિતિએ **નિર્ધારિત** કરેલ જગ્યાએ જ તમારી જવાબદારીથી **પાર્ક** કરવા અને **લોક** કરવાં.
- મહોત્સવ દરમ્યાન નિજમંદિરમાં થતી આરતી તેમજ અન્ય દર્શન સમયે દરેક ભક્તજને પોતાના ઈષ્ટદેવ **ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે;** સ્વયં ભીડનું કારણ નહિ બનીને, ભાવપૂર્વક છતાં 'મારી પાછળ બીજા ભક્તો પણ દર્શનાર્થે આતુરતાથી લાઈનમાં ઊભા છે, તેમને પણ દર્શનનો લાભ મળે' એવા **પૂર્ણ અનુસંધાન સાથે** ત્વરિતપણે **દર્શન** કરીને **મંદિર**ની **બહાર** નીકળવાનો તેમજ સ્વયંસેવકોની **સૂચના** પ્રમાણે જ **વિનમ્ર વર્તન** કરવાનો **આગ્રહ** રાખવો.






# અખંડ મહામંત્ર ધૂન

આ મહામંત્ર મહોત્સવના એક શિરમોડ ભાગરૂપે પરમભક્તરાજ શ્રી દાદાખાચરના દરબારગઢમાં **તા. ૨૩-૧૨-૨૦૧૦ માગશર વદ - ૩** થી **તા. ૩૧-૧૨-૨૦૧૦ માગશર વદ - ૧૧** સુધી **'અખંડ મહામંત્ર ધૂન'**નું આયોજન કરવામાં આવેલ છે. રાત્રિ હોય કે દિવસ, સંતો તથા હરિભક્તો દ્વારા અતિ ઉત્સાહ-ઉમંગથી ગગનભેદી ઉચ્ચ સ્વરથી તેમજ તાલિકાના નાદથી સંગીતના સથવારે સર્વત્ર પૂરજોશથી પ્રસરતિ મહામંત્ર ધૂનનો અખંડ નાદ ગૂંજતો રહેશે. તેમાં પણ **સોનામાં સુંગધ** ભળે તે ન્યાયે **પ.પૂ. લાલજી મહારાજશ્રી** શણગાર આરતી કરી **દરરોજ** ધૂનમાં પધારી સંતો-હરિભક્તોની સાથે **સ્વયં** પોતાના સુમધુરકંઠે ધૂનને ઝીલાવી ૨૦૦ વર્ષના **ઈતિહાસ**ને **તાદશ્ય** કરશે ત્યારે અદ્ભુત અને દિવ્ય **આનંદની ક્ષણોમાં** સૌ કોઈ **ગરકાવ** થઈ જશે.

ગમે તેટલું દુઃખ હોય, ગમે તેટલી આપત્તિ હોય, ગમે તેટલી મનમાં ચિંતા હોય તો પણ આ ધૂનમાં જો **પાંચ મિનિટ પણ** બેસવામાં આવે તો હેયામાં **શાંતિ... શાંતિ...** થઈ જશે. એવો **પ્રતાપ** આ **અક્ષરધામ તુલ્ય** દરબારગઢનો છે.



# મહામંત્ર પ્રાગટ્ય મહોત્સવ

ઉદ્ધવાવતાર સદ્ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીએ આ ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી. મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીને જેતપુરમાં ધર્મધુરા સોંપી સ્વધામ સિધાવ્યા. ત્યારબાદ ફરેણી ગામમાં ભગવાન શ્રીહરિએ ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીના ચૌદમા **(સં. ૧૮૫૮ના માગશર વદ - ૧૧, તા. ૩૧-૧૨-૧૮૦૧)**ની સભામાં સ્વમુખે **'સ્વામિનારાયણ'** મહામંત્રનો **ઉદ્‌ઘોષ** કર્યો. ત્યારથી અવિરતપણે સંપ્રદાયમાં સર્વ આબાલવૃદ્ધ અનુયાયી નરનારીઓ આ **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રના નામનું ભજન સ્મરણ કરે છે. આ **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર ઉદ્‌ઘોષના આ વર્ષમાં **૨૦૯** વર્ષ પૂર્ણ થતાં હોય ત્યારે મહોત્સવના અંતિમ દિવસે અને યોગાનુંયોગ મહામંત્રની પ્રાગટ્યતિથિએ અને એ જ તારીખે **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય'**ની ઉજવણી ગઢપુરને આંગણે **તા. ૩૧-૧૨-૨૦૧૦ માગશર વદ - ૧૧** ના રોજ અતિ ધામધૂમપૂર્વક ધર્મકુળ પરીવાર તથા સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.







શ્રીહરિકૃષ્ણ મહારાજ,
શ્રી ગોપીનાથજી મહારાજ
આદિક

# દેવોનો મહાઅભિષેક



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે પોતાની સાક્ષાત્ મનુષ્યાકૃતિ મૂર્તિરૂપ બનાવરાવીને પધરાવેલ **શ્રી ગોપીનાથજી મહારાજ** આદિક દેવોનો **મહાઅભિષેક** શાસ્ત્રોક્ત-વેદોક્ત રીતે વિદ્વાન વિપ્રોના **વેદમંત્રગાન** દ્વારા તેમજ ઐતિહાસિક-પ્રાસાદિક ઉન્મતગંગાના જળથી અને કેસરાદિક પંચામૃતથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના વરદ્ હસ્તે **તા. ૩૧-૧૨-૨૦૧૦ માગશર વદ - ૧૧**ના સવારે ૬.૦૦ કલાકે કરવામાં આવશે. જેના **યજમાન** બનવાનો અમૂલ્ય લ્હાવો **તા. ૨૭-૧૨-૨૦૧૦**ના રોજ **સાંજે ૫.૩૦** કલાકે મહોત્સવ સભામંડપમાં (ઉચ્છામણી કરીને) ભાગ્યશાળી ભક્તજનોને પ્રાપ્ત થશે.



# અન્નકુટ મહોત્સવ

આ મહામંત્ર મહોત્સવ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિજીવન કથા અંતર્ગત **ગઢપુર**માં ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉજવેલ ભવ્ય **અન્નકૂટ લીલા** ઉત્સવનું તા. ૨૯-૧૨-૨૦૧૦ના રોજ બપોરે ૧૧.૩૦ કલાકે પૂ. વક્તાશ્રી દ્વારા પોતાની સુમધુર શૈલીમાં વર્ણન કરીને તેનું **આબેહુબ દશ્ય** મંચ ઉપર ખડું કરીને ઠાકોરજી સમક્ષ **છપ્પનભોગ અન્નકૂટ** પૂરવામાં આવશે.

તેમજ તા. ૩૧-૧૨-૨૦૧૦ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવો સમક્ષ **છપ્પનભોગ** ભવ્ય **'અન્નકૂટ'** પૂરવામાં આવશે.





# ધર્માચાર્ય સંત સંમેલન

આપણો ભારત દેશ તે સર્વધર્મ સમભાવ કરી **એકેશ્વરવાદ**ને માનનારો દેશ છે. આ વાતને યાદ કરી આ મહોત્સવમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના નેતૃત્વમાં અને માર્ગદર્શન પ્રમાણે **'ધર્માચાર્ય-સંત સંમેલન'**નું તા. ૨૮-૧૨-૨૦૧૦ના રોજ બપોરે ૪.૦૦ કલાકે **આયોજન** કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં પ.પૂ. દંડી સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજશ્રી (શારદાપીઠ - દ્વારકા), પ.પૂ.ધ.ધુ.૧૦૮ ગૌસ્વામી શ્રીવાગેશકુમારજીમહારાજશ્રી (યુવરાજશ્રી) કાંકરોલી, પૂ. મહંત શ્રી ગોપાળાનંદજી મહારાજ (પ્રમુખશ્રી અખીલ ભારતીય સાધુ સમાજ), પૂ. મહંત શ્રી વલ્કુ બાપુ (ચલાલા), પૂ. મહંત શ્રી મુક્તાનંદજી મહારાજ (ચાંપરડા), પૂ. મહામંડલેશ્વર શ્રી રામહર્ષદાસજી મહારાજ (જગન્નાથ મંદિર - અમદાવાદ) વગેરે ધર્માચાર્યો-મહંતો પધારી આધ્યાત્મિક અને સામાજિક **એકતા** માટેના પોતાના **એકબીજાના મંતવ્યો** રજૂ કરશે.



# અલૌકિક રાસોત્સવ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણને નંદસંતોએ રસિયા વાલમ કહ્યા છે. એમની સલૂણી છબીમાંથી વહેતો અખંડ આનંદનો મધુર રસ કંઈકને ભીંજવતો, ડૂબાડતો અને તદ્રૂપ કરી દેતો. ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક ઉત્સવોના માધ્યમથી ભક્તોને સુખના સાગરમાં તરબોળ કર્યા છે. જેમ કે - વડતાલનો ફૂલદોલોત્સવ, સારંગપુરનો રંગોત્સવ, પંચાળાનો રાસોત્સવ આદિક અનેક ઉત્સવોની એક અનોખી ભાત ઉપસાવી છે. એમાંય રસિયાવર મહાપ્રભુ ભગવાન શ્રી સ્વામિનારાયણની રાસોત્સવની અલૌકિક લીલાએ તો ગઢપુર તથા પંચાળા આદિક ગામોની રજકણોને પોતાના કેસરીયા રંગે રંગભીની કરી છે. એ જ રાસોત્સવની પુનઃ ઝાંખી તા. ૩૦-૧૨-૨૦૧૦ના રોજ બપોરે ૧૧.૩૦ કલાકે આ મહામંત્ર મહોત્સવના માધ્યમથી કથા-પારાયણ અંતર્ગત સભામંડપમાં ધર્મકુળ પરિવાર તેમજ સંતો-ભક્તોના સાંનિધ્યમાં કરવામાં આવશે. તેમજ રાત્રિના કાર્યક્રમોમાં પણ કીર્તન-ભક્તિ સાથે રાસોત્સવમાં જોડાઈને તેમાં ગુલતાન થવાનો સોનેરી અવસર પ્રાપ્ત થશે.



# ફૂલદોલોત્સવ

તા. ૨૯-૧૨-૨૦૧૦ના રોજ સાંજે ૬.૦૦ કલાકે શ્રીમદ્ સત્સંગિજીવન કથા અંતર્ગત વડતાલનો ફૂલદોલોત્સવ પૂ. વક્તાશ્રીના સમધુર કંઠે વર્ણન કરીને ઉજવવામાં આવશે. તે મહોત્સવનું તાદશ્ય દર્શન પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો-ભક્તો દ્વારા ભગવાન શ્રીહરિને બાર બારણાના હિંડોળે ઝૂલાવીને સભામંડપમાં થશે.



# દિવ્ય શાકોત્સવ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે લોયામાં ૬૦ મણ રીંગણા અને ૧૮ મણ ઘીના વઘારની સાથે કરેલ અલૌકિક શાકોત્સવ લીલાની ઝાંખી કરાવતો 'દિવ્ય શાકોત્સવ'નું તા. ૩૦-૧૨-૨૦૧૦ના રોજ બપરઓ ૧૧.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. પ.પૂ. લાલજી મહારાજશ્રી સ્વયં આ શાકોત્સવમાં રીંગણાનો શાકનો વઘાર લઈને સહુને મહોત્સવાર્થી ભક્તોને ધન્યભાગી બનાવશે. તો આવા મન-વાણીથી અવર્ણનીય અવસરને નજરે નિહાળવ અને જિહ્વાથી પ્રભુપ્રસાદનો આસ્વાદ લેવા આબાલવૃદ્ધ સર્વ ભક્તજનોને **સહપરિવાર** પધારવા **હાર્દિક નિમંત્રણ** છે.



# બ્લડ ડોનેશન તથા મેડિકલ કેમ્પ

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રી(શ્લો. ૮૩/૧૩૯)માં કહ્યું છે : 'रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः' 'રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે **સેવા** તે **જીવનપર્યંત** પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી.' એ **'સર્વજીવ હિતાવહ'** સંદેશ અનુસાર સામાજીક ઉન્નતિમાં પણ યોગદાનથી રાષ્ટ્રની રચનાત્મક પ્રવૃત્તિને વેગવાન બનાવવામાં પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીના આશીર્વાદથી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના માર્ગદર્શન પ્રમાણે તા. ૨૬-૧૨-૨૦૧૦ના રોજ સવારે ૯.૦૦ કલાકે **'મેડીકલ કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પ'**નું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં રક્તદાન કરી માનવતા ધર્મને ઉજાળી કંઈક જીવનને બચાવી લેવાનો સુંદર યોગ સર્વે ભક્તજનોને પ્રાપ્ત થશે.



# ઉત્સવ-સમૈયાની મર્યાદાઓ

સમૈયામાં ભીડ હોય ત્યારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અથવા તો અન્ય કોઈ મોટા સંતો કે મહાનુભાવો ચાલતા પસાર થતા હોય ત્યારે **ચરણસ્પર્શ** કરવા **પડાપડી** ન કરવી, માત્ર હાથ જોડી ઊભા રહી **પ્રણામ** કરવા, ભીડમાં બે બાજુ હાથ જોડી ઊભા રહી **વચ્ચે રસ્તો** કરી આપવો, જે ચરણસ્પર્શ કરતાં પણ **અધિક** (ફળદાયક) બને છે.

સમૈયામાં જઈએ છીએ ત્યારે 'ભગવાનને ભજવા અને સત્સંગની સેવા સહિત **સંતસમાગમ** કરવા આવ્યા છીએ' એમ માની આળસ તજી **કથાવાર્તા-સભામાં હાજરી** આપવી અને સત્સંગ કરી **કલ્યાણકારી ગુણો** મેળવવા, પણ જેમ મેળામાં ગયા હોઈએ તેમ બજારમાં ભટકી પૈસા ખર્ચી (કોઈ પ્રકારની શ્રેષ્ઠ-પુણ્ય કમાણી કર્યા વિના જ) **ખાલે ખાલી** પાછા ઘેર ન આવવું.

સમૈયામાં બીન જરૂરી વીજળીની બત્તી, પંખા કે પાણીની ચકલી ચાલુ ન રાખવી.

દર્શન કરવા, જમવા કે સભામાં જઈએ ત્યારે એક પછી એક શાંતિથી જવું, પણ **ધક્કામૂક્કી** ન કરવી. સ્વયંસેવકની **આજ્ઞાનું પાલન** કરવું.

રસ્તા વચ્ચે ઊભા રહી વાતચીત કરતાં **ગીર્દી** ન કરવી. વાતચીત કરવા અલાયદા એક બાજુ હઠી જવું, સભા કે કથામાં **વાતચીત** ન કરવી.

સમૈયામાં હરિભક્તોનો સમૂહ વધારે હોય તેથી સહેજ પણ **ગંદકી** ન થાય તે જોવું. ગંદકી કરવાથી **રોગચાળો** વધે તેવી કોઈ ક્રિયાના **ભાગીદાર** આપણે ન થવું.

ઉત્સવમાં **જાહેર રસ્તામાં** કચરો કે કેળાંની છાલ વિગેરે નાખવું નહિ. જો પડેલું હોય તો કચરાપેટીમાં અથવા **યોગ્ય જગ્યાએ** નાંખવું.

કોઈની ખોવાયેલી **વસ્તુ** જડે તો પ્રયત્ન કરી તેના માલિકને પહોંચાડવી અગર સેવા સમિતિ કે કોઠારમાં અથવા **કાર્યાલય ઓફિસ**માં જમા કરાવવી.

રસ્તામાં કાચના ટુકડા, ઈંટ, કાંટા કે અન્ય **વિઘ્નરૂપ** વસ્તુ દેખાય તો ખસેડી દેવી.

ઉત્સવ માટે મંદિરમાંથી અથવા કોઈ હરિભક્ત પાસેથી લાવેલી **વસ્તુ** જેવી સ્થિતિમાં મળી હોય તેવી સ્થિતિમાં **પરત** પહોંચાડવી. ઉતારામાં રહિએ ત્યારે દિવસે ગાદલાં સંકેલીને **યોગ્ય સ્થાને** મૂકવા.

ઉતારામાં સ્વચ્છતા રાખવી. જતી વખતે **સાફ** કરીને નીકળવું, કેમ કે ફરી આપણે કે અન્ય હરિભક્તોએ જ રહેવાનું છે.

સમૈયા વખતે આપણા **સુખ સગવડ** માટે સંતોને તથા કાર્યકર્તાઓને **ત્રાસ** થાય તેમ ન કરવું.

ઉતારાની ભીંતો પર લીટા કે નામ લખવા નહિ. એંઠવાડ નાખી મકાનની ભીંત બગાડવી નહિ.

અન્ય હરિભક્તો સાથે **પ્રેમથી વર્તન** કરવું. નાની નાની વાતમાં કે **પોતાના સ્વાર્થ ખાતર** સ્વયંસેવક, સંતો કે અન્ય હરિભક્ત સાથે **વાદવિવાદ** કરી ઝગડો ન કરવો.

ઉત્સવ સમૈયાની સભાના પ્રસંગે સભાસંચાલકે **પ્રવચનકાર**ના **વક્તવ્ય**ને બિરદાવવું, પણ તેનું **વિશ્લેષણ** ન કરવું કેમ કે તેથી તો વક્તા અને શ્રોતાઓનું અપમાન થાય છે.

(પૂ. સ્વામી આનંદસ્વરૂપદાસજી સંશોધિત સરધાર મંદિર દ્વારા પ્રકાશિત 'શિક્ષામૃત' ગ્રંથમાંથી સંકલિત...)



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી ધર્મવલ્લભદાસજી - રઘુવીરવાડી
















## આજે જ જુઓ અને તપાસો... આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે ?

વ્હાલા ભક્તજનો ! 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'ના દરેક અંકમાં સરનામાના લેબલ (મેઈલ બોક્સ) ઉપર આપનો ગ્રાહક નંબર અને આપનું લવાજમ પૂરું થવાના મહિના-વર્ષની માહિતી આપવામાં આવે છે. માટે આપના 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'ના કવર પર સરનામાનું લેબલ હંમેશા તપાસતા રહો, અને લવાજમ પૂરું થાય તે પહેલાં જ આશરે ૪૦ દિવસ પહેલા આપના નજીકના વિસ્તારમાં 'ચિંતન' અંકના ગ્રાહક નોંધણી કરતા કાર્યકર પાસે આપનો ગ્રાહક નંબર આપીને લવાજમ ભરવું, જેથી 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'નો એક પણ અંક ચૂકી ન જવાય. અને હા, દર વર્ષે લવાજમ ભરવાનું યાદ રાખવું પડે તે કરતાં પાંચ વર્ષનું અથવા આજીવન લવાજમ એકસાથે પણ ભરી શકાય છે.

સરનામાના લેબલના નીચે આપેલા નમૂના પરથી આપ આપના અંકનું લેબલ તપાસતા રહો અને નવું લવાજમ ભરવાની પ્રક્રિયા સમયસર કરતા રહો...

**મું. ડોંબીવલી (ઈ)** ગ્રા. નં. 1
**શ્રી સ્વામિનારાયણ મંદિર**
રાજાજી રોડ, બેંક ઓફ ઈન્ડિયાની સામે,
રેલ્વે બ્રીજની બાજુમાં, ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧૨૦૨
**જી. થાણા - મુંબઈ.** પોસ્ટીંગ તા. ૨૦-૧૨-૨૦૧૦
તમારું લવાજમ તા. 20/11/2030ના રોજ પુરું થાય છે.

આ છે આપના અંકના લવાજમ સમાપ્તિની તારીખ

**દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી**

# અભયદાન સત્સંગ સભા

| :: સરધાર :: | :: રાજકોટ :: |
|---|---|
| તા. ૧-૧-૧૧ | ગઢપુર મુકામે મહોત્સવ |
| શાકોત્સવ | ચાલુ હોવાથી માસિક |
| સમય :- સવારે ૮ થી ૧ | સભા બંધ રાખેલ છે. |

સંપર્ક :- શ્રી સ્વા. મંદિર - સરધાર,
ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧. મો. ૯૮૭૯૭૫૮૫૦૩
શ્રી મહેન્દ્રભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૨૨૯૫૫૮,
શ્રી કરશનભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૭૮૧૧૭૯



કરમદીયા (ગઢપુર પ્રદેશ)ને આંગણે નૂતન મંદિરનું 'ખાતમુહૂર્ત-ભૂમિપૂજન' કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૨૨-૧૧-૨૦૧૦)



મોટી મોણપરી (જૂનાગઢ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે 'આમંત્રણ સત્સંગ સભા' (તા. ૨૨-૧૧-૨૦૧૦)



બગસરા (જૂનાગઢ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે 'આમંત્રણ સત્સંગ સભા' (તા. ૨૨-૧૧-૨૦૧૦)




કલકતા (પશ્ચિમ બંગાલ)ને આંગણે આગામી **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦, ગઢપુર'**ના ઉપક્રમે કલકતામાં વસતાં ભાવિક ભક્તજનોના આમંત્રણને માન આપી, સત્સંગ વૃદ્ધિ, વિકાસ, સદ્ધર્મ અને શ્રીજીમહારાજ સ્થાપિત સિદ્ધાંતોનું પોષણ અને બળ આપવા માટે **કલકતા**ની ધરતી પર પધારેલા **પ.પૂ. લાલજી મહારાજશ્રી** તથા સંતમંડળના સાંનિધ્યમાં યોજાયેલ **'મહોત્સવ આમંત્રણ સત્સંગ સભા'** (તા. ૨૭/૨૮-૧૧-૨૦૧૦)

## અક્ષરવાસ : પ.ભ.શ્રી નાગજીભાઈ ખીમજીભાઈ રાખોલીયા - સુરત



મૂળ વેળાવદર (ગારીયાધાર)ના વતની હાલે સુરત નિવાસી **પ.ભ. શ્રી નાગજીભાઈ ખીમજીભાઈ રાખોલીયા** તા. ૨૨-૧૧-૨૦૧૦ કારતક વદ - ૧ના દિવસે શ્રીજીમહારાજનું અખંડ સ્મરણ કરતા કરતા ૬૫ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. તેઓ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી - પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ સાચા સંતોનો દૃઢ મનોબળથી સાથે પક્ષ રાખતા હતા. તેઓએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ પૂ. સંતોનો રાજીપો મેળવી કૃપાપાત્ર બન્યા હતા. આવા ભક્તરાજના અક્ષરધામગમનથી સત્સંગ સમાજને અતિ ખોટ પડી છે. પરંતુ ભગવાન શ્રીહરિને ગમ્યું તે ખરું તે ન્યાયે તેઓશ્રીના પરિવાર અને તેમના સુપુત્રો ઉપર આવી પડેલ આ દુઃખને સહન કરવાની શક્તિ-બળ આપે અને તેઓ ભગવાન શ્રીહરિના મૂર્તિના સુખે સુખીયા થાય તેવી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થના...

## :: અક્ષરવાસ ::
## પ.ભ.શ્રી દેવચંદભાઈ પોપટભાઈ વાહોલીયા - સુરત

મૂળ સાતપડા (ગારીયાધાર)ના વતની હાલે સુરત નિવાસી **પ.ભ. શ્રી દેવચંદભાઈ પોપટભાઈ વાહોલીયા** તા. ૧-૧૨-૨૦૧૦ કારતક વદ - ૧૦ના દિવસે શ્રીજીમહારાજનું અખંડ સ્મરણ કરતા કરતા ૪૨ વર્ષની નાની વયે આકસ્મિત રીતે અક્ષરવાસી થયા છે. તેઓ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી - પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ સાચા સંતોનો ખૂબ મહિમા સમજીને મન-કર્મ-વચને સેવા કરતા હતા. તેમની વિદાયથી સત્સંગ સમાજને ખોટ પડી છે. પરંતુ ભગવાન શ્રીહરિને ગમ્યું તે ખરું તે ન્યાયે તેઓ ભગવાન શ્રીહરિના મૂર્તિના સુખે સુખીયા થાય તેવી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થના...



વાશી (નવી મુંબઈ)ને આંગણે આગામી શ્રી સ્વામિનારાયણ મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ 'શાકોત્સવ તથા સત્સંગ સભા' (તા. ૫-૧૨-૨૦૧૦)

| ક્રમ | તારીખ | વિગત | સમય | મહોત્સવ કથા સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨-૧-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | બપોરે ૪ થી ૬ | મુ. ગણેશગઢ, તા. સાવરકુંડલા, જી. અમરેલી. સંપર્ક : મો. ૯૯૭૪૯૨૪૨૨૯ |
| ૨. | ૧૯-૧-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | સવારે ૯ થી ૧૨ | મુ. રાણપુર, તા. ભેંસાણ, જી. જૂનાગઢ. સંપર્ક : મો. ૯૭૧૪૦૫૦૨૮૫ |
| ૩. | ૧૯-૧-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | બપોરે ૪ થી ૭ | મુ. કોટડા, તા. વિસાવદર, જી. જૂનાગઢ. સંપર્ક : મો. ૯૯૧૩૨૫૪૩૭૨ |
| ૪. | ૧૯-૧-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | રાત્રે ૮ થી ૧૦.૩૦ | મુ. થાણાપીપળી, જી. જૂનાગઢ. સંપર્ક : મો. ૯૯૨૫૬૪૭૪૫૦ |
| ૫. | ૨૨-૧-૨૦૧૧ | શ્રી ધર્મ મહોત્સવ | બપોરે ૩ થી ૭ | મું. ધર્મજ, તા. બોરસદ, જી. આણંદ. સંપર્ક : મો. ૯૪૨૭૫૪૭૭૮૪ |
| ૬. | ૩૦-૧-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | બપોરે ૩ થી ૮ | શ્રી સ્વા. મંદિર, ખારગેટ, મહુવા. સંપર્ક : મો. ૮૧૨૮૬૯૧૫૧૫ |





કડધરા (વડતાલ પ્રદેશ)ને આંગણે નૂતન મંદિરનું 'ખાતમુહૂર્ત-ભૂમિપૂજન' કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૮-૧૨-૨૦૧૦)






રાસ (વડતાલ પ્રદેશ)ને આંગણે નૂતન મંદિરનું 'ખાતમુહૂર્ત-ભૂમિપૂજન' કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૮-૧૨-૨૦૧૦)






વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચૂડામણી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા,

# સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આગામી કથા-પારાયણો તથા મહોત્સવો

| ક્રમ | તારીખ | વિગત | વક્તા | મહોત્સવ કથા સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૩ થી ૩૧<br>ડીસેમ્બર - ૨૦૧૦ | શ્રી સ્વામિનારાયણ<br>મહામંત્ર મહોત્સવ | પૂ. કો. શા. સ્વામી<br>શ્રી ઘનશ્યામવલ્લભદાસજી તથા<br>પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી | શ્રી લક્ષ્મીવાડી, ગઢપુર, જી. ભાવનગર. (ગુજરાત)<br>સંપર્ક : પૂ. એસ.પી. સ્વામી - મો. ૯૪૨૬૮૦૪૧૦૧, મંદિર : ૦૨૮૪૭ - ૨૫૨૮૦૦ |
| ૨. | ૧-૧-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | - | શ્રી સ્વામિનારાયણ બાગ, શ્રી સ્વા. મંદિર - સરધાર. સંપર્ક : મો. ૯૮૭૯૭૫૮૫૦૩ |
| ૩. | ૨-૧-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | - | મુ. વિજપડી, તા. સાવરકુંડલા, જી. અમરેલી. સંપર્ક : મો. ૯૯૦૯૪૭૧૧૬૧ |
| ૪. | ૩-૧-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | - | મું. રાયડી, તા. ખાંભા, જી. અમરેલી મો. ૯૮૨૪૨૩૧૮૦૭ |
| ૫. | ૬-૧-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | - | મુ. બાદલપુર, તા. કુંકાવાવ, જી. અમરેલી મો. ૯૪૨૮૪૫૨૪૯૨ |
| ૬. | ૫-૧-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | - | મું. એકલેરા, તા. લીલીયા, જી. અમરેલી મો. ૯૦૯૯૨૯૨૯૨૫ |
| ૭. | ૭-૧-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | - | મુ. ખેડાસા, તા. બોરસદ, જી. આણંદ. મો. ૯૯૨૫૪૪૫૭૮૯ |
| ૮. | ૮-૧-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | - | મુ. કાલોલ, તા. હાલોલ, જી. પંચમહાલ. મો. ૯૩૭૬૧૭૭૫૯૯ |
| ૯. | ૧૦ થી ૧૬<br>જાન્યુઆરી - ૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી | આઈ.સી. એલ. ગ્રાઉન્ડ, મોર્ડન કોલેજની બાજુમાં, સે.નં. ૧૫ - વાશી (નવી મુંબઈ)<br>સંપર્ક : રણછોડભાઈ - મો. ૯૭૬૯૧૭૬૯૯૯, પારસભાઈ બારોટ - મો.૯૮૨૧૨૧૦૦૭૦ |
| ૧૦. | ૨૧ થી ૨૭<br>જાન્યુઆરી - ૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી | 'શ્રી સ્વામિનારાયણ ધામ' મું. મેઘવા (ગાના) તા.જી. આણંદ.<br>સંપર્ક : પૂ. ઘનશ્યામ સ્વામી - મો. ૯૮૨૫૧૩૪૧૦૮ સુરેશભાઈ માસ્તર - મો. ૯૩૭૭૧૪૮૫૫૧ |
| ૧૧. | ૨૮-૧-૨૦૧૧ | મંદિર ખાતમુહૂર્ત | - | મુ. કલ્યાણપર, તા. સાવરકુંડલા, જી. અમરેલી. સંપર્ક : મો. ૯૯૦૯૧૩૪૫૭૪ |
| ૧૨. | ૨૯-૧-૨૦૧૧ | મંદિર ખાતમુહૂર્ત | - | મુ. ધારીગુંદાળી, તા. ભેંસાણ, જી. જૂનાગઢ. સંપર્ક : મો. ૯૪૨૮૮૩૬૩૯૦ |
| ૧૩. | ૨૯-૧-૨૦૧૧ | મંદિર ખાતમુહૂર્ત | - | મુ. પીરવડ, તા. વિસાવદર, જી. જૂનાગઢ સંપર્ક : મો. ૮૧૪૧૨૯૦૯૦ |
| ૧૪. | ૩૦-૧-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | - | મું. જેજાદ, તા. સાવરકુંડલા, જી. અમરેલી મો. ૯૮૭૯૭૮૪૫૩૧ |
| ૧૫. | ૨-૨-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | - | શ્રી સ્વા. મંદિર - મોરજ, તા. તારાપુર, જી. ખેડા.મો. ૯૮૯૮૯૩૨૧૪૧ |
| | ૩-૨-૨૦૧૧ | દિવ્ય શાકોત્સવ | - | મુ. પાળજ તા. સોજીત્રા, જી. આણંદ મો. ૯૯૧૩૮૩૦૨૮૮ |
| ૧૬. | ૫ થી ૧૧<br>ફેબ્રુઆરી - ૨૦૧૧ | શ્રીમદ્ સત્સંગિજીવન<br>કથા પારાયણ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી | મું. ઉત્તમનગર, તા.જી. વડોદરા.<br>સંપર્ક : હસમુખભાઈ (માજી ચેરમેન - વડતાલ) - મો. ૯૯૭૯૬૨૦૩૩૫ |
| ૧૭. | ૧૨ થી ૧૮<br>ફેબ્રુઆરી - ૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી | શ્રી રોકડિયા હનુમાનજી મંદિર, ગોયા તળાવ પાસે, આણંદ<br>સંપર્ક : મહેશભાઈ પટેલ - મો. ૯૯૭૯૬૧૧૦૪૪, હરિકૃષ્ણભાઈ પટેલ - મો. ૯૯૨૫૮૪૦૫૭૦ |
| | | | | |
| ૧૮. | ૧૯ થી ૨૩<br>ફેબ્રુઆરી - ૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ<br>સત્સંગ શિબિર | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી<br>તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી | ટાઉનહોલ, નિલમ બાગ પાસે, ભાવનગર<br>સંપર્ક : અમરશીભાઈ ખાદી - મો. ૯૪૨૬૩૧૪૩૬૮, ઝવેરભાઈ ઉગામેડી - મો. ૯૮૨૪૪૪૭૪૪૧ |
| ૧૯. | ૨૪ ફેબ્રુઆરી થી<br>૨ માર્ચ - ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ-<br>પ્રતિષ્ઠા મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી<br>તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી | મું. કાલોલ, તા.હાલોલ, જી. પંચમહાલ<br>સંપર્ક : અશોકભાઈ - મો. ૯૯૭૯૯૮૮૫૮૧, મયુરભાઈ - મો. ૯૩૭૬૧૭૭૫૯૯ |
| ૨૦. | ૨૫ ફબ્રુઆરી થી<br>૩ માર્ચ - ૨૦૧૧ | નૂતન મદિર મૂર્તિ-<br>પ્રતિષ્ઠા મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી<br>તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી | મુ. બાદલપુર, તા. કુકાવાવ, જી. અમરલી<br>સંપર્ક : રાજુભાઈ - મો. ૯૪૨૮૪૫૨૪૯૨ ઝવેરભાઈ - મો. ૯૪૨૬૭૭૨૪૩૦ |
| ૨૧. | ૬ થી ૧૨<br>માર્ચ - ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ-<br>પ્રતિષ્ઠા મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી<br>તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી | મુ. સોજીત્રા, જી. આણંદ.<br>સંપર્ક : પૂ. ઘનશ્યામ સ્વામી - મો. ૯૮૨૫૧૩૪૧૦૮ શશીકાંતભાઈ કોઠારી - મો. ૯૭૩૭૦૭૩૯૨૪ |
| ૨૨. | ૮ થી ૧૨<br>માર્ચ - ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ-<br>પ્રતિષ્ઠા મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી<br>તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી | મુ. ખેડાસા, તા. બોરસદ, જી. આણંદ.<br>સંપર્ક : પૂ. ઘનશ્યામ સ્વામી - મો. ૯૮૨૫૧૩૪૧૦૮ શાંતિભાઈ માસ્તર - મો. ૯૯૨૫૪૪૫૭૮૯ |
| ૨૩. | ૪ થી ૧૦<br>એપ્રિલ - ૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી | મુ. બોટાદ, જી. ભાવનગર<br>સંપર્ક : ભીમજીભાઈ કળથીયા - મો. ૮૦૦૦૧૫૦૦૩૯ વિરજીભાઈ ખસ - મો. ૯૮૨૪૮૫૯૨૩૮ |
| ૨૪. | ૧૧ થી ૧૭<br>એપ્રિલ - ૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી | મુ. મોટા સમઢીયાળા (રાવળકાંઠાનું), તા. ઉના, જી. જૂનાગઢ<br>સંપર્ક : કાંતિભાઈ સરપંચ - મો. ૯૯૦૪૧૧૫૧૦૩ ભગવાનજીભાઈ - મો. ૯૮૨૪૪૬૮૪૧૪ |
| ૨૫. | ૧૮ થી ૨૫<br>એપ્રિલ - ૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી | 'શ્રી સ્વામિનારાયણ ધામ' જી.એ.બી.ની સામે, સાવરકુંડલા<br>સંપર્ક : ગોરધનભાઈ કાનાણી - મો. ૯૪૨૯૪૭૮૧૧૭ બાબુભાઈ પટેલ - મો. ૯૪૨૮૩૪૦૭૪૧ |
| ૨૬. | ૨૭ એપ્રિલ થી<br>૩ મે - ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ-<br>પ્રતિષ્ઠા મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી<br>તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી | મું. રાણપુર, તા. ભેંસાણ, જી. જૂનાગઢ<br>સંપર્ક : હિતેશભાઈ - મો. ૯૭૧૪૦૫૦૨૮૫ મનુભાઈ - મો. ૯૯૦૯૪૬૦૯૫૬ |
| ૨૭. | ૨૭ એપ્રિલ થી<br>૩ મે - ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ-<br>પ્રતિષ્ઠા મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી<br>તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી | મું. ખાંભા (ગીર), તા. વિસાવદર, જી. જૂનાગઢ<br>સંપર્ક : હકાભાઈ રામાણી - મો. ૯૯૭૯૧૨૦૯૯૮ રાકેશભાઈ પાંભર - મો. ૯૮૨૫૪૮૮૬૩૭ |
| ૨૮. | ૪ થી ૧૦<br>મે ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ-<br>પ્રતિષ્ઠા મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી<br>તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી | મું. એકલેરા, તા. લીલીયા, જી. અમરેલી<br>સંપર્ક : નનુમામા - મો. ૯૦૯૯૨૯૨૯૨૫ મુકેશભાઈ - મો. ૯૯૦૪૦૬૨૦૧૫ |
| ૨૯. | ૪ થી ૧૦<br>મે ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ-<br>પ્રતિષ્ઠા મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી<br>તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી | મું. રાયડી, તા. ખાંભા, જી. અમરેલી<br>સંપર્ક : નાગજીભાઈ - મો. ૯૮૨૪૨૩૧૮૦૭ ખુશાલભાઈ - મો. ૯૭૨૩૧૯૬૪૯૪ |
| ૩૦. | ૧૮ થી ૨૨<br>મે ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ-<br>પ્રતિષ્ઠા મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી<br>તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી | મું. જેજાદ, તા. સાવરકુંડલા, જી. અમરેલી<br>સંપર્ક : ઘનશ્યામભાઈ - મો. ૯૮૭૯૭૮૪૫૩૧ |
| ૩૧. | ૧૮ થી ૨૨<br>મે ૨૦૧૧ | નૂતન મંદિર મૂર્તિ-<br>પ્રતિષ્ઠા મહોત્સવ | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી<br>તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી | મું. વિજપડી, તા. સાવરકુંડલા, જી. અમરેલી<br>સંપર્ક : લાખાભાઈ - મો. ૯૯૦૯૪૭૧૧૬૧ દેવશીભાઈ - મો. ૯૯૦૯૨૭૫૮૩૧ |

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ચાલો સરધાર...

પધારો સરધાર...

# સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું
# મહાન પ્રસાદિભૂત તીર્થધામ સરધાર

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ધર્મકુળ મુગટમણિ લાલજી ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારધામને આંગણે તૈયાર થયેલ સુંદર કલાત્મક

## નૂતન 'શ્રીહરિ મુખ્ય પ્રવેશદ્વાર'નો ભવ્ય
## ઉદ્દ્ઘાટન મહોત્સવ તથા દિવ્ય શાકોત્સવ

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ-સરધાર)







પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**તારીખ : ૧-૧-૨૦૧૧, માગશર વદ - ૧૨ - શનિવાર સમય : સવારે ૮ થી ૧**

**સ્થળ :-** 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

**Visit us :** www.sardhardham.org www.sardharkatha.org **E-mail :** sardharmandir@gmail.com

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દક્ષિણ વિભાગ વડતાલદેશ ગાદિના પ.પૂ.ધ.ધુ.૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજીમહારાજશ્રી
તથા પ.પૂ.૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રીનૃગેન્દ્રપ્રસાદજીમહારાજશ્રીની શુભ પ્રેરણાથી

# આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવમાં યજમાનપદનો દિવ્ય લાભ લેનાર યજમાનશ્રીઓ

## સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાનશ્રી

પ.પૂ. સનાતન ધ.ધુ.૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજીમહારાજશ્રી**ની પ્રેરણાથી પ.ભ.શ્રી હરેન્દ્રભાઈ મોરારજીભાઈ પટેલ (અમદાવાદ) હાલ - અમેરીકા

## સમગ્ર મહોત્સવના સહ યજમાનશ્રી

અ.નિ શ્રી રામજીભાઈ નારણભાઈ
સાંગાણી પરીવાર

## કથાના મુખ્ય યજમાનશ્રી

પ.ભ. શ્રી પ્રશાંતભાઈ ઘનશ્યામભાઈ
જોબનપુત્રા હ.વિવેકકુમાર - આફ્રિકા કોંગો

## શ્રીહરિ યાગ યજ્ઞના મુખ્ય યજમાનશ્રી

પ.ભ.શ્રી રમેશભાઈ જેરામભાઈ પાંચાણી, શ્રી કિશોરભાઈ કાળુભાઈ ગોળવીયા
હ. શ્રી ભુપતભાઈ પાંચાણી (ગઢપુર ટ્રસ્ટી) અંકુર, જેનીશ, રાજ - સુરત

## કથાના સહયજમાનશ્રી

અ.નિ. શ્રી મણીબેન મનજીભાઈ સભાયા હ. સુપુત્ર મગનભાઈ
પૌત્ર રાકેશ, હિરેન, પ્રતિક, દેવાંગ - રાંદેર સુરત

## શ્રીહરિ યાગ યજ્ઞના સહયજમાનશ્રી

પ.ભ. શ્રી વિનુભાઈ હરિભાઈ કાથરોટીયા (સીમરણવાળા) હ. ફેનીલ,ધવલ - સુરત
પ.ભ. શ્રી શાંતિભાઈ મગનભાઈ ગોળવીયા (વેળાવદરવાળા) હ. સુપુત્ર રોહીતકુમાર - સુરત

## મહોત્સવ લાઈવ પ્રસારણના યજમાનશ્રી

પ.ભ. શ્રીભરતભાઈ મનુભાઈ તથા ભગીરથભાઈ મનુભાઈ બાળધા (પીઠવડી)સુરત
તથા પ.ભ. અ.નિ. શ્રી કનુભાઈ બચુભાઈ શાહ હ. સુપુત્ર જતિનભાઈ શાહ - ભાવનગર

## ધર્મકુળ પુજનના મુખ્ય યજમાનશ્રી

✤ શ્રી હરિબેન દુર્લભજીભાઈ સિદ્ધપુરા હ. મનુભાઈ, હિરેન તથા
શ્રી ઈંદિરાબેન અશોકકુમાર ઝવેરી હ. હરેશભાઈ, પરાગભાઈ - મલાડ (મુંબઈ)

✤ પ.ભ. શ્રી બાબુભાઈ કાનજીભાઈ ખોપાળા હ. સુપુત્રો પ્રકાશભાઈ,
ચેતનભાઈ, પરેશભાઈ - સુરત

✤ અ.નિ. શ્રી ચંદુભાઈ ઓધવજીભાઈ સોની હ. રંજનબેન સોની - અમેરીકા

## સંતપૂજનના યજમાનશ્રી

પ.ભ. શ્રી લક્ષ્મણભાઈ, રામજીભાઈ, કુંવરજીભાઈ નાગજીભાઈ - પીપળ
હ. ભરતભાઈ,અશોકભાઈ, વિપુલભાઈ, રાજેશભાઈ - સુરત

## ધર્મકુળ પુજનના સહયજમાનશ્રી

અ.નિ. શ્રી રામજીભાઈ વિઠ્ઠલભાઈ વાઘેલા હ. સપુત્રો નાથાભાઈ,ધીરૂભાઈ, રમેશભાઈ - મલાડ (મુંબઈ)
પ.ભ. શ્રી ખોડાભાઈ વલ્લભભાઈ ગોંડલીયા (નાળીયેરી મોલી) સુરત હ. સપુત્ર વિઠ્ઠલભાઈ, બાબુભાઈ પૌત્ર અવિનાશ
પ.ભ. શ્રી પરસોતમભાઈ ભીમજીભાઈ લહેરી (જુના સાવર) સુરત હ. સુપુત્રો હિંમતભાઈ, મગનભાઈ, સુરેશભાઈ - સુરત
અ.નિ. શ્રી સવિતાબેન ગોરધનદાસ તથા અ.નિ.ગોરધનદાસ પુનમચંદ નગરાળા પરિવાર હ. મનહરભાઈ વિશાંકભાઈ - દાહોદ
અ.નિ. શ્રી નારણભાઈ મોતીભાઈ સોની વડોદરા હ. સુપુત્ર ભરતભાઈ
શ્રી ભાનુમતીબેન મોહનભાઈ ધકાણ (ગઢડા) હ. વિનોદભાઈ - મુંબઈ
પ.ભ. શ્રી જીગરભાઈ અશોકભાઈ પટેલ (પાળજ) અમેરીકા

## :: યજ્ઞાચાર્ય ::

ગઢપુર મંદિરના પુરોહિત શ્રી યશવંતરાય
ભોગીલાલ પંચોલી તથા વેદપુરૂષ
પ.ભ. શ્રી ભગવતભાઈ ભાનુભાઈ શુક્લ - ઉમરેઠ

**નોંધ** :- યજ્ઞમાં બેસનારે ૧,
ધોતી,૧ખેસ,૧ચુંદડી, ૨ આસન સહિત સજોડે
તા.૨૫-૧૨-૨૦૧૦ બપોર સુધીમાં ગઢપુર આવી જવું.


શ્રી નરનારાયણ દેવ - કાલુપુર (અમદાવાદ)


પ.પૂ. ધ.ધુ. શ્રી આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ


પ.પૂ. શ્રી લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ

# સસ્નેહ ભાવભીનું નિમંત્રણ



परात्परं परब्रह्म पूर्णब्रह्म सनातनम् ।
सर्वावतारिणं स्वेष्टं स्वाश्रितजनतारकम् ।।
भक्तिधर्मात्मजं नित्यं स्वामिनारायणं प्रभुम् । वन्देऽहं श्री सहजानंदं वेदवेदांगवंदितम् ।।

પ.ભ. શ્રીમાન. ______________________________

ગામ. ______________________

અનંત બદ્ધ જીવાત્માઓને માયાના પાશથી મૂકાવીને મુક્ત બનાવવા માટે પધારેલા **સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની અણમોલ **વરદાનરૂપ ભેટ** એટલે ૨૦૯ વર્ષ પૂર્વે પોતાના દિવ્ય મુખકમળમાંથી ઉચ્ચારેલો ષડક્ષરી **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર.

ભગવાન શ્રીહરિ આ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો **મહિમા** બતાવતાં ગઢડા પ્રથમ પ્રકરણના ૫૬મા વચનામૃતમાં કહે છે : "...ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને **'સ્વામિનારાયણ'** એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છુટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે એવો ભગવાનનો પ્રતાપ મોટો છે..."

**'જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;**
**છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક.'**

આ **'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર** આધિ-વ્યાધિ-ઉપાધિની ભડકતી જ્વાળાઓ વચ્ચે અનેરી શીતળતા, શાંતિ, ધીરજ, સ્થિરતા અને પવિત્રતા બક્ષે છે. સાધનાની કાંટાળી કેડી ઉપર ડગમગ થતાં કંઈક ચરણોને આ મહામંત્રે સ્થિરતા-ધીરતા આપીને **ધ્યેય સુધી** પહોંચાડ્યા છે. આ મહામંત્રનો **દિવ્ય અનુભવ** પૂર્વે હજારો હરિભક્તોએ કર્યો છે, વર્તમાનકાળે સેંકડો હરિભક્તો કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ લાખો મુમુક્ષુ જીવાત્માઓ કરતા રહેશે.

આમ, શ્રીજીમહારાજે મહાન પાવનકારી 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર આપીને 'સર્વજીવહિતાવહ'નું દૃષ્ટાંત પુરું પાડ્યું. જીવાત્માના આત્યંતિક મુક્તિની નિસરણીરૂપ **'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'**ની ધૂરા ભગવાન શ્રી સ્વામિનારાયણ પછી તેમના જ સ્થાને સ્થાપિત વડતાલ તેમજ અમદાવાદ ગાદીના બંને આચાર્યશ્રીઓ દ્વારા આજ દિવસ પર્યંત દેદિપ્યમાન રહી છે. અને આ **'આચાર્ય પરંપરા'** દ્વારા સ્વયં ભગવાન શ્રીહરિએ **'સર્વજીવહિતાવહ'**ના સૂત્રને ચાલુ રાખ્યું છે. શ્રીજી સમકાલીન નંદસંતોથી લઈને આજ દિવસ પર્યંત આચાર્ય દીક્ષીત સંતપરંપરાએ પણ આ મહાશ્રેયસ્કારી **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર **પાંદડે પાંદડે ગૂંજે** એવા **પ્રયત્નો** કર્યા છે અને કરી રહ્યા છે.

ભગવાન શ્રીહરિના કલ્યાણકારી સંકલ્પને **સાકાર સ્વરૂપ** આપવા તેમજ **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રની **દિવ્યતા** સારાયે વિશ્વમાં ઉજ્જવલીત થાય, સંપ્રદાય એક છત્ર નીચે આવે અને ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત દિવ્ય સંપ્રદાયમાં **સત્સંગની વૃદ્ધિ-વિકાસ** અને અનંત હરિભક્તોના **કલ્યાણ** થાય એવા **શુભ આશય**થી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**એ દિવ્ય સંકલ્પ કર્યો કે, આ વર્ષ સંપૂર્ણપણે આંતરરાષ્ટ્રીયસ્તરે

**'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનું લેખનકાર્ય** કરીને ભવ્યાતિભવ્ય અને દિવ્યાતિદિવ્ય **મહોત્સવ** ઉજવવો. શ્રીજીમહારાજના અપરસ્વરૂપ એવા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આ બળવાન સંકલ્પને સમગ્ર સત્સંગ સમાજે ખૂબ હર્ષથી વધાવી **૧૦૦ કરોડ** મંત્રો લખી નાખ્યા, પછી **૨૦૦ કરોડ...** પછી **૩૬૫ કરોડ** મંત્રનું લેખનકાર્ય કરવાનો શુભ સંકલ્પ કર્યો. જે સંકલ્પને પણ સમસ્ત સંપ્રદાયના સત્સંગી ભક્તોએ ઉમંગ-ઉત્સાહથી **૩૬૫ કરોડ** મહામંત્રનું લેખનકાર્ય કરી **ભગીરથ જપયજ્ઞ**નું કાર્ય પૂર્ણ કર્યું.

આ દિવ્ય સંકલ્પના અનુષ્ઠાનરૂપે, ગઢડા મધ્ય પ્રકરણના ૧૩માં વચનામૃતના વચનો અનુસાર **અક્ષરધામ તુલ્ય** ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લાનું સોહામણું મહાતીર્થધામ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વોપરી **ગઢપુરધામ**ને આંગણે સર્વાધાર અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ પરમઉપાસ્ય ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ આપણા હૈયાના હાર સંપ્રદાયના સંવાહક વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે **ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજ**ના દિવ્ય સાંનિધ્યમાં આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'**નું **તા. ૨૩-૧૨-૨૦૧૦ માગશર વદ - ૨ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ માગશર વદ - ૧૧** (મહામંત્ર ઉદ્‌ઘોષણા દિન, તા.૩૧-૧૨-૧૮૦૧) સુધી વિશાળ ફલક ઉપર ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ ભવ્ય મહામંત્ર મહોત્સવના ઉપલક્ષમાં સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન પારાયણ'**નું આયોજન કરવામાં આવ્યું છે. જેના વક્તાપદે ગઢપુર મંદિરના **પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી** તથા **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** - વડતાલ (હાલ - સરધાર) બિરાજી ગીત-સંગીતના તરંગોના કલરવ સાથે કથાગંગાનું નિજ શૈલીમાં રસપાન કરાવી પ્રભુભક્તિમાં **રસતરબોળ** કરશે.

આ મહામંત્ર મહોત્સવ **અંતર્ગત** ભવ્ય ૨૦૯ કુંડી શ્રીહરિ યાગ, અખંડ મહામંત્ર ધૂન, દેવોનો મહાઅભિષેક, અન્નકૂટ મહોત્સવ, ધર્માચાર્ય-સંત સંમેલન, રાસોત્સવ, શાકોત્સવ, ફૂલદોલોત્સવ, મેડીકેલ કેમ્પો, યુવા મહોત્સવ તથા વિવિધ કાર્યક્રમોનું પણ સુંદર **આયોજન** કરવામાં આવેલ છે.

આ મંગલ પ્રસંગે સાંપડશે શ્રી ધર્મકુળનું **દિવ્ય સાંનિધ્ય,** ધામોધામથી પધારેલ બ્રહ્મનિષ્ઠ સંતોનો **સથવારો,** દેશ-વિદેશથી પધારેલ **પ્રેમીભક્તો**થી છલકાશે માનવ મહેરામણ, ભગવાન શ્રીહરિના કથામૃતના **બ્રહ્મ પડછંદાઓ**થી સભામંડપ ગૂંજી ઉઠશે, જયનાદથી આકાશ ગૂંજશે, આપના આગમન અને સહકારથી આ અક્ષરધામનું **દિવ્ય આનંદમય વાતાવરણ** જીવનમાં **અનેરો ઉત્સાહ** ભરી દેશે.

આવા મન-વાણીથી અવર્ણનીય અવસરને નજરે નિહાળવા, શ્રવણે સાંભળવા, જિહ્વાથી પ્રભુપ્રસાદનો આસ્વાદ લેવા અને તન-મનને પુલકિત કરવા આબાલવૃદ્ધ સર્વ ભક્તજનોને તથા આપના ગ્રામજનોને **સહપરિવાર** પધારવા અમો **સ્નેહભર્યા નયને નિમંત્રણ** પાઠવીએ છીએ.

આ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ' ભગવાન શ્રીહરિના ઘરમાં ઉજવાય છે એટલે **આપણા પોતાના ઘરમાં જ** ઉજવાય છે તો રૂબરૂ આમંત્રણ મળે કે ન મળે તોપણ **આ મહોત્સવ આપણો પોતાનો છે** તેમ માની ઉરની ઊર્મિઓના **અમીછાંટણા યુક્ત** આ અક્ષરધામના **આમંત્રણ**ને રૂબરૂ મળ્યા તુલ્ય સમજી અવશ્ય પરિવાર સહ પધારશોજી.

લી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ, જૂનાગઢ, ધોલેરા, ગઢપુર પ્રદેશ ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ વતિ **શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ સમિતિ**ના સ્નેહપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.


શ્રી લક્ષ્મીનારાયણ દેવ - વડતાલ


પ.પૂ. ધ.ધુ. શ્રી આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી ભગવતપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ


પ.પૂ. શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ

Shree Swaminarayan Chintan, December - 2010 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC

# મહોત્સવની દિવ્ય કાર્યક્રમ રૂપરેખા

**પોથીયાત્રા :-** તા. ૨૩-૧૨-૨૦૧૦ માગશર વદ -૨, સવારે ૮.૦૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિરથી નીકળી કથાસ્થળે જશે.

| | | | | |
|---|---|---|---|---|
| **:: મહોત્સવ પ્રારંભ દિપ પ્રાગટ્ય ::**<br>તા. ૨૩-૧૨-૨૦૧૦, ગુરુવાર<br>માગશર વદ - ૨, સવારે ૯.૦૦ કલાકે<br>પ.પૂ. નાના લાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ | **:: મહોત્સવ પ્રારંભ દિવ્ય આશીર્વાદ ::**<br>તા. ૨૩-૧૨-૨૦૧૦, ગુરુવાર<br>માગશર વદ - ૨, સવારે ૯.૧૦ કલાકે<br>પ.પૂ. લાલજી મહારાજશ્રીના શ્રીમુખે | **:: કથા પ્રારંભ ::**<br>તા. ૨૩-૧૨-૨૦૧૦, ગુરુવાર<br>માગશર વદ - ૨,<br>સવારે ૯.૪૦ કલાકે | **:: શ્રી ઘનશ્યામ જન્મોત્સવ ::**<br>તા. ૨૪-૧૨-૨૦૧૦<br>શુક્રવાર, માગશર વદ - ૪<br>સાંજે ૬.૦૦ કલાકે | **:: અક્ષર ઓરડી અનાવરણ ::**<br>તા. ૨૫-૧૨-૨૦૧૦<br>શનિવાર, માગશર વદ - ૫<br>સવારે ૭.૩૦ કલાકે |
| **:: નિષ્કુળાનંદ સ્વામી ઓરડી અનાવરણ ::**<br>તા. ૨૫-૧૨-૨૦૧૦ શનિવાર,<br>માગશર વદ - ૫, સવારે ૭.૩૦ કલાકે | **:: યજ્ઞ પ્રારંભ ::**<br>તા.૨૬-૧૨-૨૦૧૦, રવિવાર<br>માગશર વદ - ૬, સવારે ૭.૩૦ કલાકે | **:: બ્લડ ડોનેશન કેમ્પ ::**<br>તા.૨૬-૧૨-૨૦૧૦, સવારે ૯.૦૦ કલાકે<br>સંકલન : બી.એમ. માંગુકીયા - અમદાવાદ | **:: સર્વરોગ નિદાન કેમ્પ ::**<br>તા.૨૬-૧૨-૨૦૧૦, રવિવાર<br>સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ સુધી | **:: પટ્ટાભિષેક મહોત્સવ ::**<br>તા. ૨૬-૧૨-૨૦૧૦, રવિવાર<br>માગશર વદ - ૬, સાંજે ૬.૦૦ કલાકે |
| **:: કથા અંતર્ગત મહામંત્ર પ્રાગટ્ય ::**<br>તા. ૨૭-૧૨-૨૦૧૦, સોમવાર<br>માગશર વદ - ૭, બપોરે ૧૧.૩૦ કલાકે | **:: ધર્માચાર્ય-સંત સંમેલન ::**<br>તા. ૨૮-૧૨-૨૦૧૦, મંગળવાર<br>માગશર વદ - ૮, બપોરે ૪.૦૦ કલાકે | **:: કથા અંતર્ગત અન્નકૂટ મહોત્સવ ::**<br>તા. ૨૯-૧૨-૨૦૧૦, બુધવાર<br>માગશર વદ - ૯, બપોરે ૧૧.૩૦ કલાકે | **:: ફૂલદોલોત્સવ ::**<br>તા. ૨૯-૧૨-૨૦૧૦, બુધવાર<br>માગશર વદ - ૯, સાંજે ૬.૦૦ કલાકે | **:: રાસોત્સવ ::**<br>તા. ૩૦-૧૨-૨૦૧૦, ગુરુવાર<br>માગશર વદ - ૧૦, બપોરે ૧૧.૩૦ કલાકે |
| **:: શાકોત્સવ ::**<br>તા. ૩૦-૧૨-૨૦૧૦, ગુરુવાર<br>માગશર વદ - ૧૦, બપોરે ૧૧.૩૦ કલાકે | **:: જળયાત્રા ::**<br>તા. ૩૦-૧૨-૨૦૧૦, ગુરુવાર,<br>માગશર વદ - ૧૦, સાંજે ૫.૦૦ કલાકે | **:: દેવોનો મહાઅભિષેક ::**<br>તા. ૩૧-૧૨-૨૦૧૦, શુક્રવાર<br>માગશર વદ - ૧૧, સવારે ૬.૦૦ કલાકે | **:: નિજમંદિર અન્નકૂટ મહોત્સવ ::**<br>તા. ૩૧-૧૨-૨૦૧૦, શુક્રવાર<br>માગશર વદ - ૧૧, બપોરે ૧૨.૦૦ કલાકે | **:: યજ્ઞ પૂર્ણાહુતિ ::**<br>તા.૩૧.-૧૨-૨૦૧૦, શુક્રવાર<br>માગશર વદ - ૧૧, સવારે |
| **:: મહોત્સવ પૂર્ણાહુતિ ::**<br>તા. ૩૧-૧૨-૨૦૧૦, શુક્રવાર<br>માગશર વદ - ૧૧, બપોરે ૧૨.૦૦ કલાકે | **:: કથા સમય ::**<br>સવારે ૮-૩૦ થી ૧૧-૩૦<br>બપોરે ૩.૦૦ થી ૬-૦૦ | **:: અખંડ ધૂન ::**<br>તા. ૨૩-૧૨-૨૦૧૦ થી<br>તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધી(દરબારગઢ) | **:: રાત્રિ કાર્યક્રમ ::**<br>દરરોજ રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધી કીર્તન-ભક્તિ<br>તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રહેશે. | **:: સભા સંચાલન ::**<br>શા. સ્વા. છપૈયાપ્રકાશદાસજી - ગઢપુર<br>સ.ગુ. શ્રી કે.પી. શાસ્ત્રી - કડોદરા |

**:: પ.પૂ. લાલજી મહારાજશ્રીના અમૃતવચનોનું રસપાન ::**
દરરોજ સવારે ૬.૩૦ થી ૭.૦૦ (દરબારગઢમાં) સભામાં સવારે ૧૦ થી ૧૧, બપોરે ૪.૩૦ થી ૫.૪૦

**:: શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષણા દિન ૨૦૯માં વર્ષની ઉજવણી ::**
તા. ૩૧-૧૨-૨૦૧૦ માગશર વદ - ૧૧, બપોરે ૧૧.૦૦ કલાકે

## શ્રી ગોપીનાથજી મહારાજના અભિષેકની ઉચ્છામણી

તા. ૨૭-૧૨-૨૦૧૦ના રોજ **સાંજે** ૫.૩૦ કલાકે કરવામાં આવશે.

**નિજમંદિર આરતી દર્શન** : **મંગળા આરતી** : સવારે ૫.૩૦ કલાકે, **શણગાર આરતી** : સવારે ૭.૩૦ કલાકે, **રાજભોગ આરતી** : બપોરે ૧૧.૦૦ કલાકે, **સંધ્યા આરતી** : સાંજે ૬.૩૦ કલાકે, **શયન આરતી** : રાત્રે ૮.૩૦ કલાકે

**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ મંદિર (મુખ્ય) - ગઢપુર, જી. ભાવનગર. ફો.નં. (૦૨૮૪૭)૨૫૨૮૦૦/૯૦૦

મહોત્સવનું પ્રસારણ સંસ્કાર ચેનલ ઉપર કરવામાં આવશે. તા. ૨૩ થી ૩૧, સમય : સવારે ૯-૩૦ થી ૨-૦૦ સુધી

લાઈવ ટેલીકાસ્ટ :- www.gopinathji.com www.swaminarayanvadtalgadi.org www.sardhardham.org www.sardharkatha.org

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from S.N. Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji